VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# પરિષ્કૃત કવિતાનો એક બળૂકો આવજ: 'પોળોનાં જંગલોમાં'

## પટેલ ધ્રુવિનકુમાર રમણભાઈ

પીએચ.ડી. 'સ્કૉલર'
અનુસ્નાતક ગુજરાતી વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર, ૩૮૮ ૧૨૦,
aadatcreation@gmail.com

જીવનનાં પરિવર્તનો સાહિત્યના પરિવર્તનો છે. અને સાહિત્ય સાથે જીવનનો સંબંધ અનેક તબક્કે અનેક રીતે અનુબંધાયેલો છે. જે નિતનવાં સ્વરૂપોના વિવિધ આકારમાં પ્રગટે છે. ગુજરાતી સાહિત્યમાં વીસમી સદીમાં આઠમા-નવમા દાયકાની કવિતા આધુનિકતાવાદી કવિતાથી અભિવ્યક્તિ-રીતિથી કૈંક અનુસંધાન રાખી ભાવ-સંવેદન તથા ભાષાયોજના આદિ બાબતે એક મહત્ત્વનું સ્થિત્યંતર સાધે છે. તેને પરિષ્કૃતિના સિદ્ધાંતકારોએ ગુજરાતી ચેતનાને આવિષ્કૃત કરતી પરિષ્કૃત કવિતા તરીકે પ્રમાણી.

ઈ.સ. ૧૯૭૫ની આસપાસ મહત્ત્વના કવિઓની કવિતાથી પરિષ્કૃત કવિતાની વિભાવના બંધાઈ. જેમાં હરીશ મિનાશ્રુ, મણિલાલ હ. પટેલ, વિનોદ જોશી, અજિત ઠાકોર, ભરત નાયક, જયદેવ શુક્લ, કાનજી પટેલ, યજ્ઞેશ દવે, કમલ વોરા, અદમ ટંકારવી, રાજેશ પંડ્યા, નીરવ પટેલ, જયેન્દ્ર શેખડીવાળા અને મનોહર ત્રિવેદી નોંધપાત્ર છે.

પરિષ્કૃત કવિતાનાં પરિમાણોને મૂર્ત કરતો કવિ મણિલાલ હ. પટેલનો કાવ્યસંગ્રહ 'પદ્મા વિનાના દેશમાં' વિલક્ષણ છે. તેમાં આધુનિક ગુજરાતી ચેતનાની તાસીર કવિચિત્તના સંવિત્તમાં રસાઈને પ્રકટ થઈ છે. આ કાવ્યસંગ્રહનું એક સ્તુતિરૂપ કાવ્ય 'પોળોનાં જંગલોમાં' અભ્યાસનીય છે. ૨૩/૦૭/૧૯૮૨માં રચાયેલું 'પોળોનાં જંગલોમાં' કાવ્ય 'પદ્મા વિનાના દેશમાં' સંગ્રહમાં ઈ.સ. ૧૯૮૩માં 'ખંડકાવ્ય' સ્વરૂપે પ્રકાશિત થાય છે. આ વિગત એટલે નોંધનીય છે કારણ કે, આ કવિતા આધુનિક ગુજરાતી ચેતનાને પ્રકટ કરતી પરિષ્કૃત કવિતાની લબ્ધિ છે. તેના ગૃહીતોનું પરીક્ષણ પરિષ્કૃતિના સિદ્ધાંતકારો થકી થયું. એ પાછળની કઠોર વાસ્તવિક્તા પશ્ચિમદત્ત વિભાવનાથી ગુજરાતી ચેતનાને પારખવા, પામવા અને પ્રમાણવા અખત્યાર કરેલી વિવેચન વૃત્તિ હતી. ખેર, આજે અનુઆધુનિક ગુજરાતી સાહિત્યને જે ગૃહિતોથી પિછાનવામાં આવે છે એના પાયામાં પરિષ્કૃતિના સંચલનો કેટલા અગત્યના છે એ સુજ્ઞોને દરિયાફત કરવું રહ્યું.

"કૂંપળની ભાષામાં/ જંગલ બોલ્યું/ તન તરણાંનું ડોલ્યું/ ઝરણાંએ મોં ખોલ્યું" ('પદ્મા વિનાના દેશમાં', પૃ. ૧૪)

આ પ્રકારના સહજ અર્થયુક્ત આરંભ પછી જંગલના અનેક રમણીય રૂપ સબળ ભાષાવિધાનથી કાવ્યમાં કવિ આપણી પરંપરાને આત્મસાત કરી, નિજી અભિવ્યક્તિ પ્રગટાવવાના સફળ ને સબળ પ્રયત્નો કરે છે. જે આધુનિકતાવાદી 'અરણ્યક' થી ભિન્ન આધુનિક ગુજરાતી 'અરણ્યક'ની તાસીરને પ્રત્યક્ષ કરી આપે છે.

"ઢાળ ઉપરથી દદડે પ્હાડ/ ઝિલવા ઊભાં ઝાડ/ કાળું જંગલ/ ઊંડાણોમાં નાખે ત્રાડ" ('પદ્મા વિનાના દેશમાં', પૃ. ૧૪, ૧૫) । "આભ ઊતરતું કોણ નીતરતું?/ ખીણ વચાળે વાદળ તરતું/ જ્યોત સમી જળહળતી કેડી ઉપર/

http://vidyajournal.org


© 2022 Vidya – A Journal of Gujarat University

દમયંતીનાં મત્સ્ય સમાણું/ ભીતરમાંથી કોણ જાય એ સરતું?/ ભારે પગલાં ભરતું !" ('પદ્મા વિનાના દેશમાં', પૃ. ૧૫)

આધુનિકયુગની કવિતામાં નિરૂપિત કલ્પનોને મુકાબલે પરિષ્કૃત કવિતા દૃશ્ય, શ્રાવ્ય, સ્પર્શ્ય કલ્પનોથી અદ્દભુત ભાષિક અભિવ્યક્તિ સાધે છે. તેમાં પ્રશિષ્ટતા ઉપરાંત સૌષ્ઠવ અને ચિત્રાત્મકતાથી કાવ્યની નવી શક્યતાઓ પ્રકટે છે:

"કેશ કર્યા છે ખુલ્લા કોણે? જંગલ વચ્ચે રાત પડી/ ચાંદો પ્હેરી કોણ ગયું કે રસ્તે રસ્તે નક્ષત્રોની ભાત પડી!" ('પદ્મા વિનાના દેશમાં', પૃ. ૧૪) | "પવન **પાતળો** વનરાજીમાં બૂડે/ ઘ્રાણ મહીં મ્હેંકાતી મઘમઘ/ કેશરાજીઓ ઉડે!" ('પદ્મા વિનાના દેશમાં', પૃ.૧૫) | "શિલ્પો ઉપર ઉગ્યા પીપળા અઢળક/ નગર હતું ક્યાં? ક્યાં ગઈ ખલક?/ સદીઓ પ્હેરી ઊભાં ઝાડ, ઘટાઓ,/ સૂરજને સપડાવે ભરચક જાળ-જટાઓ!" ('પદ્મા વિનાના દેશમાં', પૃ. ૧૭) | " 'લીલો ઘોડો ઉડી ગયો ને પડી રહી તલવાર'/ કંઈ યુગો થયા ને કંઈ યુગોથી/ જંગલ જંગલ વરસે અનરાધાર" ('પદ્મા વિનાના દેશમાં', પૃ. ૧૮)

સમકાલીન જીવન ચેતનાને કાવ્યનું સાધન બનાવી કવિ સંવેદન, ભાવબોધ અને મૂલ્યબોધ થકી આધુનિક ગુજરાતી ચેતનાને પ્રગટ કરે છે. સ્થૂળને વળોટી પદાર્થનું સૂક્ષ્મતર રૂપ વર્ણવવા નિહિત સંવિધાનથી કાવ્યને 'ચોકાવનારું' નહીં બલ્કે 'ચમત્કૃત' કરનારું બનાવે છે:

"પૂર્વ દિશામાં રાતો સળગે ફાગ/ તરુવર તરુવર કોણે મૂકી આગ?/ પશ્ચિમમાં પીળા ગરમાળા ઝૂલે/ શીમળાઓમાં કોની કાયા-/ હિમદિશા થૈ ખૂલે!/ દક્ષિણમાં બાવળિયા બળતા/ વૃક્ષે વૃક્ષે દિવસો ઢળતા!/ ચિત્કારો ફળફળતા !" ('પદ્મા વિનાના દેશમાં', પૃ. ૧૬)

આધુનિકતાવાદી કવિતામાં પ્રતીકો અને પુરાકલ્પનો યોજવાનું યદૃચ્છા ભર્યું વલણ સંવેદનનું સુરેખ ચિત્ર રચવામાં અવરોધક બને છે. જ્યારે પરિષ્કૃત કવિતામાં પ્રતીકો અને પુરાકલ્પનોની સંગતિ અને આંતરસૂત્રતા કૃતિના અવિભાજ્ય અંગરૂપે યોજાય કાવ્યને સૌંદર્ય બક્ષે છે. આધુનિકતાને નામે પુરાકલ્પનો અને પ્રતીકોને મરોડી નાખવાનો હઠાગ્રહ નહીં, બલ્કે આપણી પરંપરા સાથે સંધાન રચી પરિષ્કૃત ભાવબોધ રચવાનો પુરુષાર્થ 'પોળોનાં જંગલોમાં' કાવ્યમાં થયો છે. પરિષ્કૃતિથી પક્વ મર્મસ્પર્શી, મિથિકલ પંક્તિઓ ઉચ્ચારતા કવિ કહે છે:

"કાળાં વાદળ વચ્ચે ઊડે રાજહંસની જોડી,/ ચૌદ ચૌદ વર્ષોની સૂની ઊર્મિલાની/ એકલતાને કોણ ગયું અહીં ખોડી? ('પદ્મા વિનાના દેશમાં', પૃ. ૧૫) | "આ હવા મહીંથી કોનું કહેશો હરણ થયું છે/ લક્ષ્મણ-રેખા ભૂંસી કોણે?/ જંગલ વીંધી રાતું રાતું કોણ ગયું છે? ('પદ્મા વિનાના દેશમાં', પૃ. ૧૬)

| " 'વંનપર્વ-'નું વંન દીસે આ?/ કોનો વિરહ હજી ભીંસે આ?/ કેટકેટલા કાળ તણો અહીં હ્રાસ રઝળતો" ('પદ્મા વિનાના દેશમાં', પૃ. ૧૭)

'પોળોનાં જંગલોમાં' પુરાકલ્પનમાં રહેલા સર્વકાલીન ચેતના અંશોથી આધુનિક ગુજરાતી સંવેદનાના સવર્ણ અંશોનું વિકસન થયું છે. જેની નોંધ લેતા ચન્દ્રકાન્ત ટોપીવાળા કહે છે: "પરિપક્વ અભિવ્યક્તિકર્મમાં આ જ મિથ ધારકશક્તિ રૂપે પ્રવર્તતી ભાસે છે." ('પદ્મા વિનાના દેશમાં', પૃ. ૯)

'પોળોનાં જંગલોમાં' કાવ્યમાં લયની જુદી જુદી ચલોમાં પોળોનો ઇતિહાસ સંગોપાયેલો છે. જંગલ અને સંસ્કૃતિ વચ્ચે જે દ્વંદ્વ રચાયું છે તે પ્રકૃતિના ઇતિહાસ અને એના અનુસંધાને માનવ સંસ્કૃતિના ઇતિહાસની પીઠિકા રચી કુદરત અને કવિ ન્યાયની એક જ્યોત પ્રજ્વલિત કરે છે. કાવ્યમાં ઉપયોગમાં લીધેલા પરંપરિત લય, દોહા, અક્ષરમેળ-માત્રામેળ છંદો ભાવકને નિમગ્ન કરી મૂકે છે. 'પોળોનાં જંગલોમાં' કાવ્યમાં પ્રગટેલાં નવા ઉન્મેષો તપાસતાં જે નોંધનીય છે તે:

- 'ભાષાકર્મ'થી આગળ વધી જીવનવિચારને કેન્દ્રમાં રાખવાનું વલણ.

http://vidyajournal.org

- સાહિત્યમાં વિસરાયેલાં સ્વરૂપોને, સમકાલીન જીવન અંશોને પુનઃ પરંપરા સાથે જોડી પ્રયોગશીલતાના સંદર્ભે પ્રયોજવાનું વલણ.
- તળમાં/મૂળમાં પાછા જવાનું ને નિજી પરંપરાને નવેસરથી ઓળખવાનું વલણ.
- શબ્દસંરચના બાબતે જેટલી સભાનતા તેટલી જ પ્રત્યાયન ક્ષમતા સંદર્ભે રાખવાનું વલણ.
- લોકતત્ત્વોને પ્રયોજવા, લોકભાષા-તળ પરિવેશને લેખે લગાડી સાંપ્રતને ઓળખવાનું વલણ.
- ભાવકને કેન્દ્રમાં રાખવાનું વલણ.
- બાહ્ય ચેતના પર વિશેષ ભાર આપવાનું વલણ.
- આધુનિક ગુજરાતી ભાષાતરેહો, અસ્મિતા, જીવનલય સાથે ભારતીય પ્રજાની માનસિક તથા માનવીય અભિગમની પ્રતીતિ કરાવવાનું વલણ.

આ અભ્યાસને આધારે બે-ત્રણ બાબતો સ્પષ્ટ થઈ આવે છે. એક તો 'પોળોનાં જંગલોમાં' કવિતા આધુનિકતાવાદી કવિતામાં રહી ગયેલી મર્યાદાઓથી આઘે રહી નૂતન વળાંક લેતી કવિતા છે. તેમાં સંવેદન અને અભિવ્યક્તિમાં વૈવિધ્ય છે. તેમાં શોધન પણ છે. તેમાં તાજગી અને નિખાર છે. ભાવક સાથેનું દાયિત્વ છે. અને સાંપ્રત ચેતનામાંથી તકાજો લઈ નવી કેડી રચવાનું સાહસ પણ. આમ, છઠ્ઠા-સાતમા દાયકાની કવિતા સામે આપણા સમયસંદર્ભ સાથે સંધિત સ્વસ્થ સંવેદનાને પરિષ્કૃત અભિવ્યક્તિથી ઉપાસતી 'પોળોનાં જંગલોમાં' કવિતાએ આઠમા-નવમા દાયકાની નોખી-નિરાળી કવિતા છે.

## સંદર્ભ સૂચિ


1. ઠાકોર અજિત, સ્થિત્યંતર, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, પ્રકાશક, ૧૯૯૫, ડૉ. ઠાકોર અજિત.
2. પટેલ મણિલાલ, 'પહ્મા વિનાના દેશમાં', અમદાવાદ- ૧૫, ૬/એ પુર્ણેશ્વર ફ્લેટ્સ, ગુલાબ ટેકરા, નક્ષત્ર ટ્રસ્ટ, એપ્રિલ : ૧૯૮૩ પૃ. ૧૪-૧૮.
3. પટેલ મણિલાલ, નવમા દાયકાની કવિતા: પરિષ્કૃતિનાં પગરણ, ખેવના, વર્ષ: ૩, અંક: ૧૨, સળંગ અંક: ૨૪, ડિસેમ્બર, ૧૯૯૦, પૃ.૨૭-૨૮.
4. પટેલ મણિલાલ, દસમા દાયકાની કવિતા, ખેવના, વર્ષ: ૧૧, અંક: ૪, સળંગ અંક : ૭૨, ડિસેમ્બર, ૨૦૦૧, પૃ.૫૬-૬૨.
5. પંચાલ શિરીષ, શુક્લ જયદેવ, ટેલર બકુલ: સંપાદન, પુસ્તિકા: ૧૦,૧૧, સમીપે, ડિસેમ્બર, ૨૦૦૮, પૃ. ૧૭૬-૧૭૭.


http://vidyajournal.org


© 2022 Vidya – A Journal of Gujarat University